NCS Code: 2342.0100, CCode: ED006

# પ્રિ-સ્કૂલ એજ્યુકેટર

પ્રિ-સ્કૂલ એજ્યુકેટર, જે બાળકોએ હજુ બાલમંદિર (કિંડરગાર્ટન)માં પ્રવેશ મેળવેલ નથી તેવા બાળકોને મહત્ત્વની ભાષા, સામાજિક અને બોલ-ચાલના કૌશલ્યો શીખવે છે. પ્રારંભિક બાળપણનું શિક્ષણ ચોક્કસ જ્ઞાન સ્તરો પર ઓછું ધ્યાન કેન્દ્રિત કરે છે, અને બાળકો માટે જરૂરી આવશ્યક કૌશલ્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રિ-સ્કૂલ એજ્યુકેટર, મૂળભૂત શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જેમ કે ચિત્રો, વાર્તા કહેવી, જોડકણાં, રમતો, સંગીત, કલાકૃતિઓ અને નાટક. તેઓ બાળકોને સારી આદતો અને રીતભાત પણ શીખવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને શીખવવું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે સર્જનાત્મક વ્યક્તિ છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૩૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિષય સાથે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

૩. બેઝિક ટ્રેનિંગ સર્ટિફિકેટ (BTC)/ડિપ્લોમા ઈન એજ્યુકેશન (DED)/ટીચર ટ્રેનિંગ સર્ટિફિકેટ (TTC)માં સર્ટિફિકેશન કોર્સ પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક પ્રિ-સ્કૂલ એજ્યુકેટરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૧,૫૦૦ થી ૨૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: bit.ly/3JmYPrJ

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ:** સરકારી અને ખાનગી શાળાઓ, કોચિંગ સેન્ટરો, સ્વ-રોજગાર.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે સજાગ અને પ્રતિભાવશીલ રહેવું પડશે, બાળકોની સંભાળ રાખવી પડશે. પાર્ટ-ટાઈમ કામ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દિવસમાં ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોય શકે છે. શિફ્ટ સિસ્ટમ ઉપલબ્ધ હોઈ શકે છે. ઓવરટાઈમની જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રિ-સ્કૂલ એજ્યુકેટર/શિશુ શાળા શિક્ષક /પૂર્વ-પ્રાથમિક શિક્ષક → પ્રાથમિક શાળા શિક્ષક → માધ્યમિક શાળા શિક્ષક → વરિષ્ઠ માધ્યમિક શાળા શિક્ષક → નાયબ આચાર્ય → આચાર્ય

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ કલા/વિજ્ઞાન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસે મહિલા યુનિવર્સિટી, પુણે
૪. ઓલ ઈન્ડિયા અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન, નવી દિલ્હી
૫. સેન્ટર ફોર અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ (સી.ઈ.સી.ઈ.ડી.), આંબેડકર યુનિવર્સિટી, દિલ્હી
૬. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૭. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૮. આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એસ.આઈ.ઈ.એસ. ઈન્સ્ટિટ્યુટ ઑફ કોમ્પ્રિહેન્સિવ એજ્યુકેશન, મુંબઈ
૨. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ અર્લી ચાઈલ્ડ કેર એજ્યુકેશન, બેંગ્લોર
૩. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી, બેંગ્લોર
૪. એ.સી.એમ.ટી. કોલેજ ઓફ એજ્યુકેશન, નવી દિલ્હી
૫. બોમ્બે ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, મુંબઈ
૬. ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સાયન્સ, મુંબઈ
૭. માનવ ભારતી નર્સરી શિક્ષક તાલીમ સંસ્થા, નવી દિલ્હી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઑનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ - https://onlinecourses.swayam2.ac.in/cec20_ed18/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

પોદાર એજ્યુકેશન નેટવર્કના પ્રેસિડેન્ટ **ડૉ. સ્વાતિ પોપટ વત્સ,** ૩૨ વર્ષથી વધુનો અનુભવ ધરાવનાર વૈશ્વિક કેળવણીકાર છે અને પ્રારંભિક બાળપણના શિક્ષણ ક્ષેત્રે ઘણા મહત્વપૂર્ણ હોદ્દા ધરાવે છે. તે અર્લી ચાઈલ્ડહુડ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ, રાષ્ટ્રીય પ્રતિનિધિ અને વર્લ્ડ ફોરમ ફાઉન્ડેશનની આયોજન સમિતિના સભ્ય અને કિડ્ઝાનિયાની વૈશ્વિક થિંક ટેન્કના સભ્ય છે. તેણીએ યુરો કિડ્સ ચેઈન સ્થાપિત કરવામાં મદદ કરી અને નિષ્ણાત તરીકે ટાટા સ્કાયની એક્ટિવ વાઈઝ કિડ્સ ચેનલને સેવાઓ પુરી પાડી હતી.*

સ્ત્રોત: https://thelifeindia.com/team/swati-popat-vats

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

શિક્ષક, નર્સરી શિક્ષક, કિન્ડરગાર્ટન શિક્ષક